**જિલ્લા તાલીમકેન્દ્ર જરોદ જિ.વડોદરા તથા જિલ્લા તાલીમકેન્દ્ર માધવનગર જિ.અમદાવાદ તેમજ સેન્ટ્રલ ટ્રેનિંગ ઈન્સ્ટીટ્યુટ દાંતીવાડા–બનાસકાંઠા ખાતે ઉપાડ અને વહેંચણી અધિકારીની નિંમણુક કરવા બાબત.**

ગુજરાત સરકાર
ગૃહવિભાગ
**ઠરાવ ક્રમાંકઃહગદ/૧૦૨૦૧૨/૨૨૪૦/ફ**
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ– ૧૯/૦૬/૨૦૧૩

**વંચાણે લીધાઃ–**

(૧) ગૃહવિભાગના ઠરાવ ક્રમાંકઃહગદ/૧૦૨૦૦૮/૧૧૫/ફ, તા.૧૩/૨/૨૦૦૯.
(૨) ગૃહવિભાગના ઠરાવ ક્રમાંકઃહગદ/૧૦૨૦૦૯/૨૧૨૫/ફ, તા.૨૪/૫/૨૦૧૦.
(૩) ગૃહવિભાગના ઠરાવ ક્રમાંકઃહગદ/૧૦૨૦૦૮/૧૧૫(પા.ફા)/ફ, તા.૨૮/૨/૨૦૧૩.
(૪) ગૃહવિભાગના ઠરાવ ક્રમાંકઃહગદ/૧૦૨૦૦૯/૨૧૨૫/ફ, તા.૨૦/૫/૨૦૧૩.

**પ્રસ્તાવનાઃ–**

કમાન્ડન્ટ જનરલ, હોમગાર્ડઝ, ગુજરાત રાજય, અમદાવાદના નિયંત્રણ હેઠળના સેન્ટ્રલ ટ્રેનિંગ ઈન્સ્ટીટ્યુટ, દાંતીવાડા–બનાસકાંઠા તથા જિલ્લા તાલીમકેન્દ્ર માધવનગર જિ.અમદાવાદ તેમજ જિલ્લા તાલીમકેન્દ્ર જરોદ જિ.વડોદરા કાર્યરત કરવામાં આવેલ છે. આ તાલીમકેન્દ્રોના નાણાકીય બાબતોની કામગીરી કરવા માટે તાલીમકેન્દ્રોના (કચેરીના) વડાને ઉપાડ અને વહેંચણી અધિકારી જાહેર કરવા અંગેની બાબત વિચારણા હેઠળ હતી.

**ઠરાવઃ–**

કાળજીપૂર્વકની વિચારણાના અંતે સેન્ટ્રલ ટ્રેનિંગ ઈન્સ્ટીટ્યુટ, દાંતીવાડા–બનાસકાંઠાના કમાન્ડન્ટ, વર્ગ–૧ તથા જિલ્લા તાલીમકેન્દ્ર માધવનગર જિ.અમદાવાદ તેમજ જિલ્લા તાલીમકેન્દ્ર જરોદ જિ.વડોદરાના સેન્ટર કમાન્ડર, વર્ગ–૨ (કચેરીના વડા) તરીકે ફરજ બજાવતા અધિકારીઓને આથી ઉપાડ અને વહેંચણી અધિકારી તરીકે જાહેર કરવામાં આવે છે.

૨. ઉપાડ અને વહેંચણી અધિકારીએ નાણાવિભાગની વખતો વખતની સુચનાઓ મુજબ ફરજો બજાવવાની રહેશે.

૩. સેન્ટ્રલ ટ્રેનિંગ ઈન્સ્ટીટ્યુટ, દાંતીવાડા–બનાસકાંઠાના કમાન્ડન્ટ, વર્ગ–૧ તથા જિલ્લા તાલીમકેન્દ્ર માધવનગર જિ.અમદાવાદ તેમજ જિલ્લા તાલીમકેન્દ્ર જરોદ જિ.વડોદરાના સેન્ટર કમાન્ડર, વર્ગ–૨ (કચેરીના વડા) એ કમાન્ડન્ટ જનરલ હોમગાર્ડઝ, ગુજરાત રાજય, અમદાવાદના નિયંત્રણ હેઠળ કામગીરી કરવાની રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પરની નાણાવિભાગની તા.૧/૬/૨૦૧૩ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(સંજય પંડ્યા)**
ઉપસચિવ
ગૃહવિભાગ

પ્રતિ,

- કમાન્ડન્ટ જનરલશ્રી, હોમગાર્ડઝ, ગુજરાત રાજય, લાલ દરવાજા, અમદાવાદ.
- કમાન્ડન્ટશ્રી, સેન્ટર ટ્રેનિંગ ઈન્સ્ટીટ્યુટ, દાંતીવાડા–બનાસકાંઠા.
- સેન્ટર કમાન્ડરશ્રી, જિલ્લા તાલીમકેન્દ્ર, જરોદ, જિ.વડોદરા.
- સેન્ટર કમાન્ડરશ્રી, જિલ્લા તાલીમકેન્દ્ર, માધવનગર, જિ.અમદાવાદ.
- સંયુકત સચિવશ્રી(તિજોરી), નાણાવિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, હિસાબ અને તિજોરી, ગુજરાત રાજય, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, અમદાવાદ, પાલનપુર,વડોદરા.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, અમદાવાદ/રાજકોટ.
- બજેટ શાખા, ગૃહવિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિલેકટ ફાઈલ.

D:\Vijay Backup\Vijay\PRC\NBP-1.docx